	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૩/૦૪/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૬૫૬/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦	૪,૭૯,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૫૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૫૧૬ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ રીક્ષા અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૯ કેસ, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૬૫૯/૨૦૨૨**

કૃષ્ણનગરઃ મનીષકુમાર સુરજભાઈ સોની (ઉ.વ.૩૭) (રહે. શિરોમણી પાર્ક સોસાયટી બાપા સીતારામ ચોક નવા-નરોડા) એ તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મનીષકુમાર સોની કૃષ્ણનગર એસ.આર.પી. ક્વાટર્સ પાછળ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે "મહાલક્ષ્મી જવેલર્સ" નામની દુકાન ધરાવી સોનીનો ધંધો કરતા હોઈ તા.૨૭/૦૩/૨૦૨૨ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે ૫૫ વર્ષના આશરાનો એક પુરૂષ સોનાની વાળી કિંમત રૂપિયા ૧૩,૧૦૦/- ખરીદ કરી તે પૈકી રૂપિયા ૨૧૦૦/- ચુકવી "બાકીના પૈસા એ.ટી.એમ.માંથી ઉપાડીને આપુ છુ" તેમ કહી દુકાનના ખાનામાંથી પ્લાસ્ટિકના ડબ્બામાંથી આશરે દસથી પંદર જેટલા સોનાના પેડલ કિંમત રૂપિયા એક લાખ મનીષકુમારની નજર ચુકવી લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.વાઘેલા ચલાવે છે.

મણીનગરઃ અમનદિપસિંહ સ/ઓ ઇંદ્રજીતસિંહ માખીજા (ઉ.વ.૩૦) (રહે. જે.કે.પ્લાઝા, બેન્ક ઓફ બરોડાની બાજુમાં, મણીનગર) એ તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૩/૨૦૨૨ ના રોજ અજાણી વ્યક્તિએ અમનદિપસિંહ માખીજાના ખાતામાંથી એસ.બી.આઈ ક્રેડિટ કાર્ડ દ્વારા રૂપિયા ૮૩,૨૦૦/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.બી.ગોયલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૬૦/૨૦૨૨**

શહેરકોટડાઃ સીમાબહેન રાજકુમાર શર્મા (ઉ.વ.૪૬) (રહે.બોમ્બે હાઉસીંગ કોલોની સીટી ગોલ્ડ સિનેમા પાસે સરસપુર) એ બિમારીથી કંટાળી તા.૧૨/૦૪/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દરવાજાની જાળી સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દીલીપ એકનાથ ચલાવે છે.

આનંદનગરઃ મથુર મનુભાઈ હડીચેલ (ઉ.વ.૨૨) (રહે. વિનાયક એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર રેલવે સ્ટેશન રોડ આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૨૦૨૨ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ હમીરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.